ફેબ્રુઆરી- ૨૦૨૫


અંક – ૬૩


સંપાદકીય બોર્ડ
- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


GSECL

GMDC
FUELING THE GROWTH

# અરુણોદય



અનુક્રમણિકા


- સોદાબાજી માટે પ્રાર્થના નહીં
- વિકસિત ભારતની યાત્રામાં વિકસિત ગુજરાત બનાવવા સંકલ્પબદ્ધ બનીએ
- અનીતિનો પૈસો
- દાતણ
- ગુરુની મહાનતા
- સ્ત્રી સંસારની મહાન વિભૂતિ
- વૃદ્ધાવસ્થા
- શાળાની પ્રવૃત્તિઓ
- શાળાની દિકરીઓની સિદ્ધી



ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

સર્વે જીએમડીસી , જીએસઈસીએલ કર્મચારી ભાઈઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ''અરૂણોદય'' ફ્બ્રુઆરી-૨૦૨૫ ,અંક-૬૩ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઈન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું. - તંત્રી



# સોદાબાજી માટે પ્રાર્થના નહીં



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

માનવ માત્ર કંઈક ને કંઈક ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવા માટે ભગવાનની પૂજા- અર્ચના કરતો હોય છે. જો મારું ધાર્યુ કામ પાર પડશે તો ભગવાન હું તમને એકાવન રૂપિયાનો પ્રસાદ ધરાવીશ. શરત મૂકીને ભગવાનને બાંધવાના આવા પ્રયત્નો કરતો માણસ જાણે પ્રભુ સાથે સોદાબાજી કરતો હોય તેવું લાગે છે. મનની અંદર ચાલતાં ભાવ, માણસની વૃતિ શું ભગવાનથી અજાણી રહી શકે ખરી ? તેમને તો આપણી હર એક વાત ખબર જ હોય છે. કેમેકે પ્રભુ અંતર્યામી છે.

એક સુંદર મજાનો પ્રસંગ યાદ આવે છે . મહાભારત કાળની વાત છે. પાંડવો વનવાસ ભોગવી રહયા હતાં. વનમાં યુધિષ્ઠિર એક વખત ધ્યાનમગ્ન બનીને પૂજા કરી રહ્યા હતાં. ધ્યાન પૂરું થયા બાદ તેમણે તેમની નજીક દ્રૌપદીને ઊભેલી જોઈ. દ્રૌપદીએ કહ્યું ; "મહારાજ , આપ આટલા પૂજા પાઠ કરો છો તો આપણાં સૌના દુ:ખ દૂર કરવા માટે ભગવાનને પ્રાર્થના કેમ નથી કરતાં ? આપણાને વ્યવસ્થિત ભોજન કે પાણી પણ મળતા નથી. આરામથી સૂઈ પણ શકતા નથી. કંઈક કરો, મહારાજ."

યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે , હું મનની શાંતિ તેમજ આનંદ માટે પ્રાર્થના કરું છું.જો હું ભગવાનને દુ:ખ દૂર કરવા માટે કહીશ તો તે સોદાબાજી કહેવાશે. થોડીવાર અટકીને તેમણે કહયું, "દ્રૌપદી તું આ પ્રકૃતિને જુએ છે ને ? જે આપણને વગર માંગ્યે આનંદ અને માનસિક શાંતિ આપે છે. બસ તેવી રીતે જ હું પ્રાર્થના પૂજા કરું છું.

એટલે કે ભગવાનની ઈચ્છામાં જે પોતાની ઈચ્છા જુએ છે અને પ્રભુ ને કોઈપણ ફરિયાદ કર્યા વગર ભક્તિ કરતો રહેલો છે તે જ ખરો ભક્ત છે . પ્રભુ યથાયોગ્ય આપતો જ રહેલો છે. માટે કમસે કમ પ્રભુ સાથ તો આપણે સોદાબાજી ન કરીએ.

# વિકસિત ભારતની યાત્રામાં વિકસિત ગુજરાત બનાવવા સંકલ્પબધ્ધ બનીએ



**Dr. Parth Patel**
Assistant Manager
Public Relations ,GMDC

ગુજરાતી લોકો તેની અસ્મિતાની જાળવણી માટે પ્રતિબધ્ધ છે. સામાજિક અને આર્થિક વિકાસના તમામ ક્ષેત્રોમાં દેશની સાથે સાથે ગુજરાત પણ તેજ ગતિથી આગેકૂચ કરી રહ્યું છે.વિકાસની વાત કરીએ તો ગુજરાત સમગ્ર દેશ માટે વિકાસનું મોડલ બની રહ્યું છે. પ્રત્યેક ગુર્જરવાસીને એ વાતનું ગૌરવ છે કે સુશાસનને પરિણામે સુખ, સમૃદ્ધિ અને સલામતીના સુફળ ઘર ઘર સુધી પહોંચી રહ્યા છે.

7 ઓક્ટોબર, 2001 - આ તારીખ નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત સહિત ભારતીય રાજકારણના ઈતિહાસનો મહત્વપૂર્ણ દિન છે. સંઘના સ્વયંસેવકથી ભાજપના સંગઠનમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવનાર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ દિવસે ગુજરાતમાં સત્તાનું સુકાન સંભાળ્યું હતું. અત્યાર સુધી ચૂંટણીના રાજકારણથી યોજનો દૂર રહેલા શ્રી મોદીએ 51 વર્ષની ઉંમરમાં પહેલી વખત ગુજરાતના 14મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

મુખ્યમંત્રી પદનો કાર્યભાર વહન કર્યા બાદ'અગ્નિપથ' પર ચાલવું તેમની નિયતિ બની ગઈ હતી, અને નરેન્દ્રભાઈનો સ્વભાવ મુશ્કેલીઓનો મક્કમતાપૂર્વક સામનો કરવાનો રહ્યો છે. તેથી તમામ વિરોધ વચ્ચે તેઓ બસ તેમના માર્ગ પર આગળ વધતા રહ્યા. જેમ આગમાં તપીને કંચન બને, એમ જ રાજકારણના 'અગ્નિપથ' ની ભીષણ આગમાં નરેન્દ્ર મોદીનું વ્યક્તિત્વ વધુ નિખરીને ઉભર્યું.

જ્યારે શ્રી નરેન્દ્રભાઈએ ગાંધીનગરમાંસત્તાના સૂત્રો સંભાળ્યા, ત્યારે ગુજરાતનું રાજકીય અને સામાજિક પરિપ્રેક્ષ્ય કંઇક એવું હતું કે, મુખ્યમંત્રી તરીકે શાસન કરવું એક મોટો પડકાર હતો. કચ્છના પુન:ર્નિર્માણના વિરાટ પડકારથી લઈને રાજ્યમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને કૃષિ જેવાં ક્ષેત્રોની કથળી રહેલી સ્થિતિ સિવાય, ઉદ્યોગ અને મૂડી રોકાણ ક્ષેત્રમાં આકરી પ્રતિકૂળતા વચ્ચેશ્રી મોદીએ એક નવી યોજના તૈયાર કરી.

શાસન ચલાવવાની નરેન્દ્રભાઈની પોતાની એક અલગ શૈલી છે. કહેવાય છે કે મુખ્યમંત્રી બન્યા બાદ વહીવટી અધિકારીઓ સાથે પહેલી બેઠકમાં તેઓ શાંત બેસી રહ્યા અને અધિકારીઓને તેમના વિચારો વ્યક્ત કરવાનું કહ્યું. આ રીતે લોકોની ક્ષમતાને ઓળખવાની તેમની રીત ચોંકાવનારી હતી.

મોદીએ ગુજરાતમાં સત્તાના સૂત્રો સંભાળવાની સાથે જ સર્વપ્રથમ સુશાસનની સ્થાપના પર ભાર મૂક્યો. ઔદ્યોગિક રાજ્ય તરીકે ધુંધળી થયેલી ગુજરાતની છબીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર ચમકાવવા માટે અથાક પ્રયાસો કર્યા. શ્રી નરેન્દ્ર મોદીએ લોક ફરિયાદોનું ટેક્નોલોજીના માધ્યમથી નિરાકરણ લાવવા માટે 'સ્વાગત'ના રૂપમાં એક ઓનલાઇન પ્લેટફોર્મ શરૂ કર્યું, જે તે સમયે દેશમાં આ પ્રકારનો એકમાત્ર કાર્યક્રમ હતો.

અધિકારીઓને તેમણે વાતાનુકૂલિત કચેરીઓમાંથી બહાર નીકળીને લોકો સાથે સંવાદ સ્થાપિત કરવાની શીખ આપી. મોદીએ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા, ગુણોત્સવ, કૃષિ મહોત્સવ, પશુ આરોગ્ય મેળા, ખેલ મહાકુંભ અને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવા કાર્યક્રમોના માધ્યમથી ગુજરાતના વિકાસનું એક નવું મોડલ રજૂ કર્યું.

મોદીએ પ્રવાસનની વિરાટ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને અનેક કાર્યક્રમ શરૂ કર્યાં. 'ખુશ્બુ ગુજરાત કી' પ્રવાસન અભિયાનથી ગુજરાતના પ્રવાસન સ્થળ અને તેની વિશેષતારૂપ આકર્ષણ દુનિયા સમક્ષ પ્રસ્તૂત કર્યા. લાંબા સમયથી પાણીની સમસ્યાથી ઝઝૂમી રહેલા ગુજરાતમાં તેમણે આયોજનપૂર્વક કામગીરી શરૂ કરી. નર્મદા જેવી વિશાળ નદી હોવા છતાં ગુજરાતની આ સ્થિતિથી તેઓ ચિંતિત હતા. સરદાર સરોવર ડેમના નિર્માણમાં અનેક વિઘ્નો આવી રહ્યા હતા. પણ તેમણે આ મહત્વાકાંક્ષી પરિયોજનાને સાકાર કરવાનો અટલ સંકલ્પ પૂર્ણ કર્યો. આજે નર્મદાના પાણી, સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાત સુધી પહોંચ્યા છે અને ખેડૂતો માટે વરદાન સાબિત થયા છે.

તત્કાલીન મુખ્યમંત્રીનરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી રાજ્યમાં શરૂ થયેલી "વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ" વગર ગુજરાતની વિકાસ યાત્રા અધૂરી છે.

ગુજરાતને દેશની આર્થિક મહાસત્તા બનાવવાના માટે રોકાણકારોને આકર્ષવાના ઉદ્દેશ્ય સાથે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ "વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ"ની પરિકલ્પના કરી હતી. કોર્પોરેટ લીડર્સ, વિવિધ ક્ષેત્રોના રોકાણકારો, થોટ લીડર્સ, પોલિસી અને ઓપિનિયન મેકર્સને એક મંચ પર લાવવા માટે ગુજરાતમાં પ્રથમવાર વર્ષ 2003 માં "વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ"નું આયોજન કરવામાં આવ્યું હતુ.

ગુજરાતમાં અત્યાર સુધીમાં યોજાયેલા વાયબ્રન્ટ સમિટના કુલ 10 સંસ્કરણોને ભવ્ય સફળતા મળી છે. VGGSના આ દસ સંસ્કરણોમાં કુલ મળી ગુજરાતમાં આશરે રૂ. 103.37 લાખ કરોડથી વધુના સૂચિત રોકાણ સાથે બે લાખથી વધુ MoU કરવામાં આવ્યાં છે. VGGSના પરિણામે અનેક પ્રતિષ્ઠિત અને વૈશ્વિક ઉદ્યોગોએ ગુજરાતમાં રોકાણ કર્યું, જેના પરિણામે ગુજરાત આજે દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે.

VGGS ના પરિણામે જ ગુજરાતમાં સુઝુકી, હોન્ડા, હિટાચી, ટોયોટા, બોમ્બાર્ડિયર, બેંક ઓફ અમેરિકા, BASF, સોંગવોન, યુનિલીવર, પ્રોક્ટર એન્ડ ગેમ્બલ, બેયર્સડોર્ફ, આર્સેલર મિત્તલ, શેલ, વેસ્ટાસજેવા પ્રતિષ્ઠીત ઉદ્યોગો તરફથી દેશમાં સૌથી વધુ વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) પ્રાપ્ત થયું છે. રાજ્યમાં 100 થી વધુ ફોર્ચ્યુંન અને 500 વૈશ્વિક કંપનીઓ સહિત વિશ્વની અનેક મોટી મલ્ટિનેશનલ કંપનીઓ આવેલી છે.

ગુજરાતમાં મહિલા ઉદ્યોગ સાહસિકો માટે અલગ GIDCની શરૂઆત કરવામાં આવી. ભારતનું પ્રથમ ડાયમંડ રિસર્ચ અને મર્કન્ટાઈલ સિટી (ડ્રીમ સિટી) 'સુરત ડાયમંડ બુર્સ'નું નિર્માણ થયું. વર્ષ 2008માં ગુજરાતમાં ટાટા નેનોના પ્લાન્ટને મંજૂરી મળવાની સાથે ગુજરાતે દેશનું ઓટો હબ બનવાની દિશામાં ડગ માંડ્યા. આજે મારૂતિ, ફોર્ડ, હોન્ડા જેવી કંપનીઓની હાજરી સાથે ગુજરાત દેશનું ઓટોમોબાઈલ હબ બ ન્યું. રાજ્યની રાજધાની ગાંધીનગરમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ ટેક-સિટી (GIFT સિટી) ની સ્થાપના કરાઈ. આજે ગુજરાતમાં 920 ચોરસ કિમીમાં વિસ્તરેલનું ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (ધોલેરા SIR) ભારતનું સૌથી મોટું ગ્રીનફિલ્ડ રોકાણ ક્ષેત્ર છે. માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન વૈશ્વિક ઓટોમોબાઈલ અને ઓટો કોમ્પોનેન્ટ્સ કંપનીઓનું હબ બન્યું. દહેજમાં 453 ચોરસ કિમીમાં ફેલાયેલું

પેટ્રોલિયમ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટેન્ટ રિજન દેશનું આ પ્રકારનું પ્રથમ રોકાણ ક્ષેત્ર છે. ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય, જ્યાં 4 સેમિકન્ડકટર પ્લાન્ટ કાર્યરત થવા જઈ રહ્યા છે.ગુજરાત આજે દેશનું 40 ટકા કાર્ગો હેન્ડલ કરે છે. રાજ્યમાં 48 નોન મેજર અને 1 મેજર પોર્ટ એમ કુલ 49 બંદરો કાર્યરત છે.

ઊર્જાશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, જનશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃતથી ગુજરાત વિકસિતથઈ રહ્યું છે. 24 કલાક વીજળીની સંકલ્પના સાકાર થઈ છે. ગરબા, ધોરડો અને સ્મૃતિવન આંતરરાષ્ટ્રીય ખ્યાતિથી સુશોભિત થયાં છે. સૌથી ઊંચા સ્ટેચ્યુ, સૌથી મોટા સ્ટેડિયમથી ગુજરાત ગૌરવાન્વિત બન્યું છે.

પ્રો-પીપલ ગવર્નન્સ, પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે ગુજરાતની ઓળખ પ્રસ્થાપિત થઈ ચૂકી છે.

અમદાવાદના બાવળા તાલુકામાં દેવધોલેરા ખાતે આવેલ iCreateઆજે રહેણાંક સુવિધાઓ, ઓફિસ સ્પેસ, રેપિડ પ્રોટોટાઈપિંગ લેબ્સ, તાલીમ અને સેમિનાર હોલ સાથે 40 એકરના વિશાળ કેમ્પસમાં વિસ્તરેલી સંસ્થા બની છે, જે ડાયનામિક એપ્રોચ સાથે ઈનોવેશન અને કોલોબ્રેશનને પ્રોત્સાહન આપે છે.

ટેક ઈનોવેશન પર આધારિત સ્ટાર્ટઅપ્સને જરૂરી તમામ પ્રકારની સુવિધાઓ પૂરી પાડીને સફળ વ્યવસાયોમાં પરિવર્તિત કરતી iCreateભારતની સૌથી મોટી સંસ્થા છે. સ્ટાર્ટઅપ્સના વિચારબીજની યોગ્ય માવજત કરીને તેને માર્કેટ સુધી પહોંચાડવા માટે આ સંસ્થા સક્રિય કામગીરી કરે છે. સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમને વેગ આપતી સંસ્થા તરીકે iCreateએ દેશમાં અને વૈશ્વિક સ્તરે રાજ્યનું નામ રોશન કર્યું છે.

આ સંસ્થા ગ્રીન મોબિલિટી ક્ષેત્રે સીમાચિહ્ન રૂપ કાર્ય કરી રહી છે. ઈલેક્ટ્રીક વ્હીકલ અને ગ્રીન મોબિલિટી ક્ષેત્રે 'માઈન્ડ ટુ માર્કેટ' ના કોન્સેપ્ટ દ્વારા આવનારા સમયની માંગ અનુસારના સંશોધનોને આ સંસ્થા પ્રોત્સાહન અને પ્લેટફોર્મ આપી રહી છે. iCreateનું EV સેન્ટર ઑફ એક્સેલન્સ EV ક્ષેત્રે કમ્પ્લિટ ઈકોસિસ્ટમ ઊભી કરીને 'ગો ગ્રીન'ના મંત્રને ખરા અર્થમાં સાર્થક કરી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતની વિકાસયાત્રા અવિરતપણે કાર્યરત છે.આવો આપણે,

અસ્મિતા પર્વના ઓજસ અને સંકલ્પ સભર નવા વર્ષને વધાવીએ.
પરિવર્તનના પ્રકાશપૂંજનેઅધિક ઊંચે લઈ જવાનાપ્રયાસને પરંપરા
બનાવીઆગળવધીએ.
ઉમંગ, ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથેજીવનના આયામો પરિપૂર્ણ કરવા
નવી ક્ષિતિજોઆહવાન કરી રહી છે.
ધબકતા, નિરધાર સાથેવિકાસને વધાવીએ
નૂતન વર્ષાભિનંદન.



# અનીતિનો પૈસો



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

આજે માનવીની પૈસા પાછળની આંધળી દોટ તેને ક્યાંય સુધી લઈ જાય છે. જ્યાંથી પાછું વળવું ઘણી વખત ખૂબ કઠિન બની જતું હોય છે. યેનકેન પ્રકારે બીજાના ગજવામાંથી પૈસોકેમ મારા ગજવામાં આવે તેનો સતત વિચાર માણસમાં અનીતિને જન્મ આપે છે. બસ પછીતો આ ભૂત એવું ઘર બનાવી લે કે તેને સારા નરસાનો ભેદ પારખવાનો પણ સમય નથી મળતો.

બીજાને રીબાવીને ,ધાક ધમકીથી કે હેરાન ગતિથી પ્રાપ્ત કરેલું ધન અધોગતિ તરફ સો ટકા લઈ જાય છે. પૈસા પાછળની આંધળી દોટ માનવની માનસિક શાંતિ ડહોળી નાખે છે. પૈસો આજીવિકા, વ્યવહાર, સામાજીક તંત્ર ચલાવવા માટે ખૂબ જરૂરી છે પણ તેની પાછળનું સવાર થયેલું ભૂત માનવને ક્યાંયનો નથી રહેવા દેતો. ઘરમાં આવેલી અનીતિની લક્ષ્મીથી માણસનું ખુદ નું તો પતન થાય  જ છે સાથોસાથ આખા કુટુંબને પણ તે બરબાદ કરે છે. સ્વર્ગ અને નરક બધું અહીં જ છે  છતાં કમાવાય એટલું કમાઈલો ફરી ક્યાં આ મોકો મળવાનો છે તેવું વિચારતો માણસ ખબર હોવા છતાં અનીતિનું ધન ભેગું કરી રહ્યો છે.

એક પ્રસંગ યાદ આવે છે : દરરોજ ઓફિસેથી થાકીને ઘેર આવતો આનંદ નામનો યુવક આજે દરરોજ કરતાં વધુ ઉત્સાહી દેખાતો હતો. તેની પત્ની ખુશીએ આ ઉત્સાહનું કારણ પૂછયું. દરરોજ કરતાં આજે તમે વધુ ઉત્સાહી છો. નકકી કાંઈક સારા સમાચાર ઓફિસેથી મળ્યા લાગે છે. ત્યારે આનંદે પોતાનું ઓફિસનું પાકીટ આપતાં કહ્યું , જો ખુશી, આ  પાકીટમાં ઘણાં પૈસા છે પહેલાં તું એ સાચવીને કબાટમાં મૂકી દે. ખુશી કબાટમાં એ પાકીટ મૂકવા જતી હતી ત્યાં વળી એ પાછી વળી અને પાકીટ આનંદને આપતાં બોલી : આ ખજાનો જેમનો હોય તેમને પાછો આપી આવો.  કારણ એમાંથી હરામની કમાઈની દુર્ગંધ આવે છે. વાતને ટાળતાં આનંદ બોલ્યો , જા હવે બહુ ડાહી થયા વગર મારા માટે જલ્દીથી કોફી બનાવ. આપણે બજારમાં તારા માટે આ પૈસા માંથી કિંમતી ઘરેણાં લેવા જવાનું છે. ખુશી બોલી : સો વાતની એક વાત. આ ઘરમાં અનીતિની લક્ષ્મી અને ખુશી એક સાથે નહી રહે. આનંદનો ચહેરો પડી ગયો. જેની ફાઈલ ક્લીયર કરવા આનંદે ખૂબ પૈસા ઉઘરાવ્યા હતાં તેવા અરજદારે છ-છ મહિનાના ધક્કા ખાધા પછી ન છૂટકે આ વ્યવહાર કરવો પડયો હતો. આનંદે ખુશીને ખૂબ પસ્તાવા સાથે જણાવ્યું કે આ પૈસા કોઈની લાચારી છે. કોઈને દુ:ખી કરીને મે મેળવ્યા છે. મને આવી કુબુધ્ધિ સૂઝી તે બદલ મને માફ કરી દે. હવે ક્યારેય આપણાં ઘરમાં આવી અનીતિનો   પૈસો નહિ આવે તેની હું ખાતરી આપુ છું. ખુશીના ચહેરા પર હવે પહેલાં જેવી ફરી ખુશી છવાઈ ગઈ.



# દાતણ



મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

મહર્ષિ વાગ ભટ્ટ ના મત અનુસાર 9 થી 10 પ્રકાર ના દાતણ આવે છે જે નીચે પ્રમાણે ના વૃક્ષ દ્વારા સરળતા થી ઉપલબ્ધ છે.

કરંજ, લીમડો , વડ, આંબો, જાંબુડો, બાવળ, ખીજડો, ખેર, આવેળ, અશોક(આસોપાલવ), ગુલર, આમળા, હરડે

આ ઉપર જણાવેલ તમામ વૃક્ષો ના દાતણ સદુપયોગ છે

આંબા નું દાતણ જેઠ મહિનામાં કરવાથી શરીર માં કફ નું સમસ્યા ઘટે છે , વાળ કાળા રહે છે અને તંદુરસ્તી આખું વર્ષ જળવાઈ રહે છે આંબા નું દાતણ ત્યારે જ કરવું જ્યારે સાચી કેરી ની સાચી સિઝન ચાલુ થઈ જાય.

લીમડા નું દાતણ હોળી પછી કરવું જોઈએ , આ દાતણ ઉનાળામાં ખાસ કરી ને ચૈત્ર વૈશાખ માં જરૂર કરવું જોઈએ , આ લીમડો અતિ ગુણકારી હોવાથી તે પિત નું શમન કરી ને ગરમી અને તજા ગરમી થી છુટકારો અપાવે છે.

** લીમડા ના દાતણ ઉનાળામાં જ કરવું

વડ નું દાતણ ચોમાસામાં કરી શકાય અને ઉનાળા માં પણ કરી શકાય વડ ના દાતણ થી દાંત ના પેઢા મજબૂત થાય છે. વ્યસનના કારણે નબળા થયેલ દાંત સ્વસ્થ થાય છે.

ખેર નું દાતણ ગરમી માં કરવું જોઈએ જે ઉનાળામાં મોઢા ના ચાંદા ઓ થી છુટકારો આપવે છે ,

બાવળ નું દાતણ(દેશી બાવળ) નો ઉપયોગ કોઈ પણ ઋતુ માં કરાય પણ ખાસ શિયાળામાં વધુ ઉપયોગી છે. આ દેશી બાવળ ના દાતણ માં સલ્ફર હોઈ જે માણસ ને વ્યસન મુક્તિ માટે ખૂબ જ ઉપયોગી થાય છે.

આમળા અને હરડે નું દાતણ કોઈ પણ ઋતુ માં કરાય , તેનું દાતણ નિરાપદ છે.

ગુલર , ખીજડો ખેર આ પણ નિરાપદ દાતણ છે.આ સિવાય કણજી નું દાતણ  મોઢા માં બનતું ખરાવ એસિડ પણ રોકે છે અને જેને દોડવા માં હાફ ચડતો હોઈ એમને આમળા ના વૃક્ષ નું દાતણ કરવું જોઈએ.

કરંજ નુ દાતણ માત્ર કરવાથી મુખ ની દુર્ગંધ દુર કરવાની સાથે સાથે  દાંત માં થતા પાયોરીયા નામક રોગ ને મટાડે છે. એ પણ માત્ર આઠ દસ દિવસ નિયમિત દાતણ કરવાથી સાથે સાથે મોંઘીદાટ ટુથપેસ્ટ કરતા સારી ફ્રેશનેસ પણ મળે છે આ દાતણ થી

યાદ રાખો

** આ તમામ પ્રકાર ના દાતણ ત્રણ મહિના જ પૂરતા કરવા ત્યાર બાદ કોઈ બીજા વનસ્પતિ નું દાતણ લેવું.

** આ દાતણ 8 આંગલ લાબું ને એક આંગલ જડુ લેવું અને રસદાર હોઈ એ લેવું.

** ચાવી ગયેલ દાતણ ને કાપી ને નવેસરથી દાતણ કરવું.

** દાતણ ને તાજું લઈ આવો તો વધુ સારું પણ જો ન મેળ આવે તો દાતણ કર્યા પછી વપરાયેલ ભાગ કાપી ને દાતણ ને પાણીમાં બોળી રાખવું .

આ દાતણ અતિ ઉપયોગી અને લાભદાયક છે.



પી.ટી.પટેરીયા
માધ્યમિક શિક્ષક



# ગુરુની મહાનતા

પરમેશ્વરનો સાક્ષાત્કાર એકમાત્ર શ્રી ગુરુ દ્વારા જ સંભવિત છે , જ્ઞાનથી પ્રકાશિત પરબ્રહ્મની જ પરંપરા શ્રી ગુરુ છે જ્યાં સુધી શ્રી ગુરુની કૃપાથી આપણી અંતશક્તિ જાગ્રત ન થાય, અંત જ્યોતિ પ્રકાશિત ન થાય , અંતરના દિવ્ય જ્ઞાનચક્ષુઓ ન ખુલે ત્યાં સુધી આપણી જીવદશા મટતી નથી. અને બ્રહ્મદશાની દિવ્યાનુભૂતિ થતી નથી.

જેમ રાજા સ્વપ્નમાં ભિખારી બની જાય તો તે વખતે તેને એમ જ લાગે કે તે ખરેખર ભિખારી છે, તેમ અજ્ઞાન નિંદ્રામાં આત્મા જીવ બનીને એ કંગાળ દશામાં પોતાની જાતને કર્તા,ભોગતા, અલ્પ અને સાધારણ સમજીને દુઃખી થાય છે

આથી જ આપણી અંતશક્તિનો વિકાસ કરવા માટે દિવ્યત્ત્વની પ્રાપ્તિ અર્થે પૂર્ણ સત્યના જ્ઞાતા અને સમર્થ સદગુરુની અત્યંત આવશ્યકતા રહે છે.

જેમ પ્રાણ વગર જીવવું સંભવિત નથી તેમ ગુરુ વગર જ્ઞાન નથી, શક્તિનો વિકાસ નથી, અંધકારનો નાશ નથી, ગુરુની આવશ્યકતા મિત્ર કરતા, પુત્ર કરતા, બંધુ કરતા કે જીવનસાથી કરતા પણ વિશેષ છે, જીવનમાં ધન, કલા કે સંગીતથી પણ ગુરુ સવિશેષ અનિવાર્ય છે "આરોગ્ય અને પ્રાણ કરતાં વધુ જરૂરિયાત ગુરુની છે"

ગુરુની કૃપાથી નર નારાયણ રૂપ બની જઈને આનંદમાં મસ્ત રહે છે.

પરમ સ્વામી...

# સ્ત્રી સંસારની મહાન વિભૂતિ



પિયુષભાઈ આહીર
મોટીવેશન સ્પીકર
ભગુડા (મોગલ ધામ)

•< સ્ત્રી સંસારની મહાન વિભૂતિ >•

તમે માત્ર એક સ્ત્રી નહિ, પરંતુ એક મહાન સ્ત્રી છો...!
આ દુનિયામાં તમારાથી મહાન બીજું કોઈ હોઈ શકે ખરું...?
જ્યારે તમારો જન્મ થયો હશે ત્યારે કેટલી બધી બબાલો થઈ હશે...!
એમાંય તમે થોડું બોલતાં શીખ્યાં હશો તો તમારાં માટે તો કેટલાય નીતિ-નિયમો પણ ઘડાયા હશે...!!
તમે મનગમતાં કપડાં પહેર્યા હશે, એમાં તો કેટલાંયને વાંધા પણ હશે...!
તમે ક્યારેક શું હસી લીધું હશે કે એનો પણ લોકો આગળ હિસાબ થયો હશે...!!
તમે કોઈને તમારા મનની વાત કહી હશે, તો થોડી ક્ષણે સાંભળી પણ લીધી હશે...! પછી....?
પછી તમારી જ મનની વાતનો લોકોએ મજાક બનાવી દીધો હશે...!!
તમે કામયાબીના શિખર સુધી પહોંચ્યા હશો ત્યારે ઘણી કસોટીઓ પણ થઈ હશે...!
ત્યાં પણ તમને કેરેક્ટરલેસનાં એવોર્ડથી સંબોધિત કરાયા હશે...!!
તમે કોઈ અજાણ્યા પુરુષ સાથે બે શબ્દ વાત કરી લીધી હશે...! ત્યારે તમારું એ દ્રશ્ય જોઈને લોકોએ તમને બેમતલબી સંબંધોથી બાંધી દીધા હશે...!!
તમને પણ ક્યારેક પ્રેમ થયો હશે, કમનસીબે તમારો પ્રેમ અંદર જ મરી ગયો હશે...!
ક્યારેક એવું પણ બને તમને નવી જગ્યાએ મોકલ્યાં હશે, ત્યાં તમને પરાણે ફવડાવ્યું પણ હશે...!!
તમે એક પતિવ્રતા નારી હશો... પતિની દરેક આજ્ઞાનું પાલન હરહંમેશ કર્યું હશે...!
જો તમે એકાદ આજ્ઞાનું પાલન કરવામાં વંચિત રહ્યાં.... તો અભદ્ર શબ્દથી તમને કેટલીયવાર સન્માનિત કરાયા હશે....
તમને ચાર દીવાલ વચ્ચે ગોંધી રખાયા હશે, ત્યારે પતિનો અત્યાચાર પણ સહન કર્યો હશે...!
તમે દીવાલ તોડીને બહાર નીકળ્યાં હશો, ત્યારે લોકોએ 'ચારિત્ર્યહીન સ્ત્રી' એવો શબ્દ લગાડી દીધો હશે...!!
તમે પણ ક્યારેક કોઈના ખભે લપાઈને રડ્યાં હશો... તેમ છતાં ધુત્કાર જ મળ્યો હશે...!
તમારામાં આટ-આટલાં બદલાવ થયાં પછી પણ એમાંય લોકોને તો પાપ જ દેખાયું હશે...!!

આજની સ્ત્રીને ચારિત્ર્યહીન કે હલકીસ્ત્રીનો એક શબ્દ પ્રયોગ કરીને સ્ત્રીનાં ચારિત્ર્ય પર આંગળી ચીંધી આપણે સૌ પાપનાં ભાગીદાર બનીએ છીએ... એ પાપનાં ભાગીદારમાં હું પણ આવી જાવ છું અને તમે પણ... આપણે કોઈ સ્ત્રીને હલકીસ્ત્રી શબ્દનો પ્રયોગ કરીએ ત્યારે ચોક્કસ એનાં સ્વાભિમાનને ઠેસ પહોંચે છે... આટલાં વર્ષોની સફળ યાત્રા પછી પણ સ્ત્રીને જો એનાં કેરેક્ટરનું સર્ટિફિકેટ આપવું પડતું હોય... તો આનાથી ક્ષોભજનક બીજું કાંઈ જ ન હોઈ શકે....

સ્ત્રીનાં ઉદરમાંથી જ ભગવાનના અવતારનો ઉદ્ભવ થયો છે....આ બધી પીડા તો ઈશ્વર પણ નથી વેઠી શક્યો, એનું પણ શું ગજું....????? તેમ છતાં સ્ત્રીની સહનશક્તિને સમજવા ભગવાન પણ નાનો પડ્યો છે..
એટલે જ કહું છું કે તમે આ સંસારની એક મહાન સ્ત્રી છો...!! ??

# वृद्धावस्था

एक उम्रदराज़ वृद्ध से पच्चीस साल के एक युवक ने पूछा अब तबीयत कैसी है दादा ! क्या हाल चाल है ?

दादा ने ...

संस्कृत का ज्ञाता होने के नाते उस युवक को मन्त्र वाले अंदाज में जवाब दिया कि ...

वृद्धावस्था में क्या हालत होती है , क्या तकलीफ होती है और क्या-क्या कष्ट होते हैं ? जरा ध्यान से पढ़िएगा तो आनंद अवश्य आएगा.




પી.પી. દવે
માધ્યમિક શિક્ષક




मुखे न दाँतम् , माथे न बालम् ,
बधिरम् कानम् , पोपले गालम्.
दुखत अंगम्, सिकुड़म् खालम् ,
न शेष सुरम्, न शेष तालम्.
वैद्यम् बुलावम्, पूछम् हालम् ,
काया अकड़म्, मकड़ीं जालम्.
वैद्यम् उवाचम्, परहेज पालम्,
चटनी, अचारम् सब त्याग डालम्.
अब रोटी ज्वारम् च फीकी दालम्,
शाँतिमय गुजारम् अब शेष सालम्.
भोजन थाली रूखी-सूखी घालम्,
देखे बनावे मुख पीत, लालम्.
सब खावे पूड़ी हलवा थालम्,
मुखेन टपके टप टप रालम्.
बहुएँ भी टोकम्, पौत्रम् भी टालम्,
पुत्रम् भी अब तो गृह से निकालम्.
सम्मुख आवे जवानी ख़यालम्,
व्याधि तलवारम्, बुढ़ापा ढालम्.
अब कौन पूछे, ये प्रश्न विशालम्,
न बैंक बैलेन्स, न पास मालम्.
स्वास्थ्य गिरावम्, ज्यों वृक्ष छालम्,
पग-पग आवे, समीप कालम्.
अब न पूछो हालम्, ना पूछ चालम्,
अब न पूछो हालम्, ना पूछ चालम्.


# શાળાની પ્રવૃત્તિઓ






સંવિધાન દિવસની ઉજવણી






ગણિત દિવસની ઉજવણી










## યોગ શિબિર

## તાલુકા કક્ષાનો કલા મહાકુંભ







શાળાના શિક્ષકો અને બાળકો દ્વારા એકત્રિત થયેલ ગરમ કપડાઓનું આજુબાજુના ગામોમાં વિતરણ



ઉતરાયણની ઉજવણી







એસ.પી.સી. કાર્યક્રમ અંતર્ગત તાલીમ











# પ્રજાસતાક દિનની ઉજવણી










## શાળામાં રમત-ગમત સપ્તાહની ઉજવણી




## વોલીબોલ સ્પર્ધામાં વિજેતા (એ.ટી.પી.એસ.-નાની છેર)








ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નો વિદાય સમારંભ



## શાળાની દિકરીઓની સિદ્ધી



અંકિતા યાદવ
ઈન્ટર ઈન સ્કુલ સ્પર્ધામાં ૬૦ મીટર
દોડમાં રાજ્ય કક્ષાએ ચોથો નંબર



ચાહત વી. વ્યાસ
શાળાકીય રમતમાં રાજ્ય કક્ષાએ
તીરંદાજી સ્પર્ધામાં ગોલ્ડ મેડલ



જ્યોતિ આર. ચૌધરી
શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની
સી.એ. ની પરિક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ